+ CMYK

# સિટી ફ્રંટ પેજ

**આજનું તાપમાન**

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | 38.6 | 28.6 | સૂર્યાસ્ત આજે |
| અમદાવાદ | 43.4 | 29.2 | 7.18 pm |
| સુરત | 42.6 | 26.6 | સૂર્યોદય કાલે |
| રાજકોટ | 34.0 | 29.0 | 5.59 am |



**પ્રોજેક્ટ પ્રગતિ |** ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસની કામગીરી અંતિમ તબક્કામાં પ્રવેશતા સ્વપ્ન હવે ખરેખર સાકાર થશે

# ફેરી સર્વિસ માટે 96 મીટરનો લિન્ક સ્પાન ઘોઘા આવ્યો

## મરિન એન્જિનિયરીંગની દ્રષ્ટિએ વિકટ ગણાતી પોન્ટૂન, જેટી અને લિન્ક સ્પાન જોડવાની કામગીરી આગામી સપ્તાહે થશે

ભાવનગર | 26 મે

ભાવનગર જિલ્લા માટે અતિ મહત્વનો ગણાતો ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂક્યો છે. પોન્ટૂન તરતુ મૂકી અને ડોલ્ફિન સાથે બાંધવામાં આવ્યા બાદ દહેજ ખાતે નિર્માણાધિન લિન્ક સ્પાન પણ આજે ઘોઘા આવી પહોંચ્યો છે.

ફેરી સર્વિસ માટે ઘોઘા ખાતે બંને તરફના પોન્ટૂન બનાવવામાં આવ્યા હતા, અને દહેજ ખાતે બંને તરફના લિન્ક સ્પાન બનાવવામાં આવ્યા હતા. સડક માર્ગે ઘોઘા અને દહેજ વચ્ચેનું અંતર 350 કિ.મી. છે, જે ફેરી સર્વિસ ચાલુ થવાથી દરિયાઇ માર્ગે માત્ર 30 કિ.મી. થઇ જશે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનુ સડકમાર્ગનું ભારણ પણ આ પ્રોજેક્ટને કારણે ઘટી શકશે.

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં રાજભવન ખાતે જીએમબીના અધિકારીઓને ફેરી સર્વિસ પ્રોજેક્ટની બાકી રહેતી તમામ કામગીરીઓ સત્વરે પૂર્ણ કરવા માટે તાકીદ કરી હતી. અને ભાવનગર જિલ્લા કલેક્ટર પણ ઘોઘા સાઇટ ખાતે જઇ અને પ્રોગ્રેસ રીપોર્ટ રજૂ કર્યો હતો.

ઘોઘા ખાતે પ્રોજેક્ટ કોન્ટ્રાક્ટર એસ્સાર પ્રોજેક્ટ્સ દ્વારા આગામી સપ્તાહથી મરિન એન્જિનિયરિંગની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ જેટી, લિન્ક સ્પાન અને પોન્ટૂનને જોડવાની કામગીરી કરવામાં આવશે. આમ, ફેરી સર્વિસની કામગીરી અંતિમ તબક્કામાં પ્રવેશતા હવે ભાવેણાવાસીઓનું ફેરી સર્વિસનું સ્વપ્ન નજીકના ભવિષ્યમાં સાકાર થશે.



### લિન્ક સ્પાનની ડિઝાઇન લંડનમાં બનાવાઇ

ફેરી સર્વિસ પ્રોજેક્ટમાં રોક બંડ, જેટી, લિન્ક સ્પાન, પોન્ટૂન અને ડોલ્ફિન અતિ મહત્વના ગણવામાં આવે છે. તે પૈકી લિન્ક સ્પાનની કામગીરી વિશેષ હોય છે. ખંભાતના અખાતના દરિયાઇ કન્ટને ધ્યાનમાં રાખીને 96 મીટરના લિન્ક સ્પાનની ડિઝાઇન લંડનમાં બનાવવામાં આવી હતી.

### જાણો, કેવી રીતે કામ કરે છે લિન્ક સ્પાન ?

દરિયા કાંઠેથી પથ્થર નાંખી અને 511 મીટરનો બંડ તૈયાર કરવામાં આવ્યો છે. બાદમાં 65 પીલર ઉપર 470 મીટરની જેટી બનાવવામાં આવી છે. 96 મીટરનો લિન્ક સ્પાન જેટીના છેડેથી ઉચ્ચ ક્ષમતાના બેરિંગ સાથે કનેક્ટ કરવામાં આવશે અને બીજો છેડો પોન્ટૂન સાથે જોડવામાં આવશે.